# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-06-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-VGRC:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડોદરાની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ - VGRCમાં બે દિવસમાં ત્રણ લાખ 34 હજાર કરોડ રૂપિયાના રોકાણ માટે સમજૂતી કરાર થયા છે. વડોદરામાં મધ્ય ગુજરાતની બે દિવસની VGRCના સમાપન સમારોહને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી હતી.

તેમણે વધુમાં કહ્યું, સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતામાં ગુજરાત મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. વડોદરામાં દેશની પ્રથમ ખાનગી ક્ષેત્રની સૈન્ય વિમાન ઉત્પાદન સુવિધા તાતા એરબસ સી-295 એક સીમાચિહ્નરૂપ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, VGRCથી નાના ગામના ઉદ્યોગો છેવાડાના યુવાનોને મોટા સાહસ તરીકે આગળ વધવાની તક મળી છે.

---

## સાંસદ કચ્છ કાર્નિવલ :

કચ્છી નવા વર્ષ અષાઢી બીજની ભવ્ય ઉજવણી માટે કચ્છ લોકસભા દ્વારા ભુજના હૃદય સમાન હમીરસર તળાવના કાંઠે સતત બીજા વર્ષે સાંસદ કચ્છ કાર્નિવલનું આયોજન કરાયું છે. સાંસદ વિનોદભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ આગામી 16 જુલાઈ, ગુરુવારે સાંજે 5 કલાકે આ કાર્નિવલ યોજાશે, જેમાં કચ્છની કળા, સંસ્કૃતિ અને પરંપરાનો અદભુત સમન્વય જોવા મળશે.

કચ્છ કાર્નિવલને વધુ આકર્ષક અને યાદગાર બનાવવા માટે ખેંગારબાગથી લેકવ્યુ સુધીના માર્ગને રંગબેરંગી રોશનીથી ઝળહળતો કરવામાં આવશે. આ ઉપરાંત નગરજનોને

આકર્ષવા માર્ગ પર વિવિધ સ્થળોએ આકર્ષક સેલ્ફી પોઇન્ટ ઉભા કરવામાં આવશે, જે કાર્નિવલની શોભામાં ચાર ચાંદ લગાવશે.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ વિવિધ સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને મંડળોને આ કાર્નિવલમાં ઉત્સાહભેર જોડાવા અપીલ કરી છે. સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માટે આકર્ષક રોકડ પુરસ્કારોની જાહેરાત પણ કરવામાં આવી છે. કચ્છી નવા વર્ષના વધામણાં કરવા પૂરજોશમાં તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

---

## માતાનામઢ ખાતે અષાઢી નવરાત્રિ:

પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ મંદિર તરફથી અષાઢી નવરાત્રીની તિથિઓ જાહેર કરવામાં આવી છે. અષાઢ સુદ એકમથી શરૂ થતી નવરાત્રીનો પ્રારંભ 15 જુલાઈ, બુધવારથી થશે.

અષાઢી ગુપ્ત નવરાત્રીના નવ દિવસ દરમિયાન ઉપાસના, જપ, તપ, ધ્યાન, પાઠ અને હવન કરવામાં આવે છે. આ ઉપરાંત જીલ્લાના વિવિધ મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, શૃંગાર, મહાઆરતી, યજ્ઞ-હવન અને ભજન-કીર્તનનું આયોજન કરાશે.

---

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ:

જીલ્લાની અગ્રણી વ્યાપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સની અર્ધવાર્ષિક સામાન્ય સભા અને બંધારણના સુધારા માટે વિશેષ સામાન્ય સભા યોજાઈ હતી. આ દરમ્યાન વેપાર ઉદ્યોગ જગતને વધુ પ્રતિનિધિત્વ, મજબૂત સંગઠન અને વધુ સભ્યપદ ઉપલબ્ધ કરવા સહિતના નિર્ણયો લેવાયા હતા.

આ અંગે ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું કે, ગાંધીધામ મહાપાલિકાના વિસ્તરેલા કાર્યક્ષેત્રને ધ્યાનમાં રાખીને સમગ્ર મહાનગરના વિસ્તારને વધુ વેપારીઓ, રિટેલર,

યુવા ઉદ્યોગકારો અને સેવા ક્ષેત્રના વ્યાવસાયિકો ચેમ્બર સાથે જોડાઈ શકે તે માટે વાર્ષિક સભ્ય ફી માં ઘટાડો કરાયો છે.

આ ઉપરાંત, વ્યાપાર ઉદ્યોગો, લોજિસ્ટિક, ટેક્નોલોજી, નાણાકીય સેવાઓ, વિશિષ્ટ સલાહકારો સહિત વિવિધ વિષયોના નિષ્ણાતોનો અનુભવ ચેમ્બરની નીતિ નિર્ધારણ પ્રક્રિયામાં જોડાય તે માટે મેનેજિંગ કમિટીના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા 25 થી વધારીને 31 અને કો-ઓપ્ટ. સભ્યોની સંખ્યા આઠથી વધારીને 10 કરવાની જોગવાઈને મંજૂરી આપવામાં આવી છે, જેથી હવે કુલ પ્રતિનિધિત્વ 33થી  વધીને 41 થશે.

---

## દાદાભાઈ નવરોજી:

દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન નેતા અને 'ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ઇન્ડિયા' તરીકે ઓળખાતા દાદાભાઈ નવરોજીની આજે પુણ્યતિથિ છે.કચ્છના ઐતિહાસિક સંદર્ભમાં પણ દાદાભાઈ નવરોજીનો એક મોટો અને ગૌરવપ્રદ ઇતિહાસ છે.

બ્રિટિશ શાસન સામે લડનારા દાદાભાઈને કચ્છના મહારાવ પ્રાગમલજીનો મજબૂત સાથ મળ્યો હતો.

ઇતિહાસના દસ્તાવેજો મુજબ, 1860ના દાયકામાં જ્યારે કચ્છના રાવ પ્રાગમલજી રાજ્યમાં પ્રગતિશીલ સુધારાઓ કરી રહ્યા હતા એ સમયે બ્રિટિશ વાઇસરોયે મહારાવને સત્તા પરથી હટાવવાની કે કાબૂમાં રાખવાની ધમકી આપી હતી. આ કટોકટીના સમયે પ્રાગમલજીએ વાઇસરોયને નજરઅંદાજ કરીને પોતાના દીવાનને લંડન મોકલ્યા હતા. લંડનમાં દાદાભાઈ નવરોજીની મદદથી કચ્છી દીવાને 1869માં સીધા જ બ્રિટનના ભારત માટેના સચિવ સાથે ઐતિહાસિક સોદો પાર પાડ્યો હતો અને પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું.

દાદાભાઈ નવરોજીએ લંડનમાં ભારતીયોના હકો માટે 'ઇસ્ટ ઇન્ડિયા એસોસિએશન'ની સ્થાપના કરી હતી. આ સંસ્થાને ચલાવવા અને બ્રિટિશરો સામે લડત આપવા માટે મહારાવ પ્રાગમલજીએ મોટું ભંડોળ લંડન મોકલીને ચળવળને આર્થિક પીઠબળ પૂરું પાડ્યું હતું.

---

## વરસાદ:

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં આજે ભારે વરસાદની આગાહીની સાથે 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની પણ શક્યતા વ્યક્ત કરી છે.

દરમ્યાન, આજે દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં મેઘરાજાની પધરામણી થતાં ગરમીમાં રાહત મળી છે. ભરૂચના અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ પડ્યો છે. છોટાઉદેપુરના બોડેલીમાં વરસાદને પગલે ધરતી પુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે. સુરત અને તાપીમાં પણ સાર્વત્રિક વરસાદને લઈ ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો છે. સુરત શહેરમાં ભારે વરસાદ વચ્ચે જર્જરિત મકાનની ગેલેરી તૂટી ગયાના અહેવાલ છે. હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે.

---